બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક વર્ગ-૪ કર્મચારી તરીકે બિનકુશળ શ્રમયોગીનું મળવાપાત્ર સંખ્યાબળ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૪-સી.સી.-૨૮/ગ

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૨-૨-૨૦૧૬

વંચાણમાં લીધા :

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧-૨૦૦૯-૩૬૦૦૭૧-ગ, તા. ૨૬-૧૦-૨૦૦૯.

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-ઓડી-૮/ગ, તા. ૧-૮-૨૦૧૧

(૩) સ્પે.સી.એ.નં. ૩૦૮૬-૨૦૧૪માં નામ. હાઈકોર્ટનો તા. ૨૫-૩-૨૦૧૪નો ચુકાદો

(૪) ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળની તા. ૧૩-૮-૨૦૧૩ની રજૂઆત

(૫) તા. ૨-૧૦-૨૦૧૪ના રોજ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ બેઠકની કાર્યવાહીની નોંધ

આમુખ :

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારી વર્ગ-૪નું સંખ્યાબળ તારીખ ૨૬-૧૦-૨૦૦૯ના સંદર્ભ (૧) ઉપરના ઠરાવથી નક્કી કરવામાં આવેલ હતું જેમાં વિદ્યાર્થી દીઠ મળવાપાત્ર વર્ગ-૪ કર્મચારીનું સંખ્યાબળ ઓછું જણાતાં ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળે નામ. હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં. ૩૦૮૬-૨૦૧૪થી દાદ માંગેલ હતી. નામ. હાઈકોર્ટે તા. ૨૫-૩-૨૦૧૪ના ચુકાદાથી પીટીશનર તરફી ચુકાદો આપેલ હતો, જેમાં આદેશ કર્યા મુજબ ત્રણ સભ્યો સાંભળીને કોર્ટનો હુકમ મળેથી ત્રણ અઠવાડિયામાં વિગતવાર નિર્ણય કરવાનો રહેતો હતો. આ બાબ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળે વિભાગને કરેલ વંચાણે લીધેલ સંદર્ભ (૪) ઉપરની તા. ૧૩-૮-૨૦૧૩ની રજૂઆત સંદર્ભે અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ)ની અધ્યક્ષતામાં સુનાવણી રાખવામાં આવે હતી. અને રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટના ચાર સભ્યોને નામ. હાઈકોર્ટના ચુકાદા અનુસ તા. ૨૮-૧૦-૨૦૧૪ના રોજ સાંભળવામાં આવેલ હતા. રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટના સભ્યં સાંભળ્યા બાદ વર્ગ-૪ કર્મચારીના નોટરીમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પુખ્ત વિચારણાના બિનશૈક્ષણિક શ્રમયોગીઓની સેવાઓ નીચે મુજબની રહેશે.

ક્રમ	શાળામાં વિદ્યાર્થી સંખ્યા	આઉટસોર્સિંગ એજન્સી મારફત મળવાપાત્ર બિનકુશળ શ્રમયોગીઓની સંખ્યાની વિગત
૧.	૫૦૦ વિદ્યાર્થીઓ સુધી	૧
૨.	૫૦૧થી ૧૦૦૦ વિદ્યાર્થીઓ સુધી	૨
૩.	૧૦૦૧થી ૧૫૦૦ વિદ્યાર્થીઓ સુધી	૩
૪.	૧૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ સુધી	૪

શરતો :

(૧) ઉપર જણાવ્યા મુજબ શાળામાં વિદ્યાર્થી સંખ્યાને આધારે માનવબળની સેવાઓ મળવાપાત્ર થશે.

(૨) સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મળવાપાત્ર માનવબળની સેવાઓ લેવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે અને તેમની મંજૂરી મળ્યેથી જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ટેન્ડર પદ્ધતિને આધારે નક્કી કરવામાં આવેલ એજન્સી પાસેથી ટેન્ડરની અને કરારની શરતોને આધિન સુવિધાઓ મેળવવાની રહેશે.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સંસ્થા - જિલ્લા કલેક્ટર કચેરી અને એજન્સી વચ્ચે નોડલ અધિકારી તરીકે કાર્યવાહી કરવાની રહેશે અને સંસ્થા - શાળાઓમાં સુવિધા ઉપલબ્ધ થાય તે જોવાનું રહેશે.

(૪) બિનકુશળ શ્રમયોગીના વેતન અને અન્ય લાભો અંગેના કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના વૈધાનિક કાયદાઓ, નિયમો અને હુકમોનું અને કરારની શરતોનું પાલન શાળા/સંસ્થાએ અને એજન્સીએ કરવાનું રહેશે.

(૫) પ્રાથમિક નોકરી દાતા (Principal Employer) તરીકે શાળાનું સંચાલક મંડળ રહેશે અને એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલ બિલ ઉપર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિહસ્તાક્ષર (Counter Signature) મેળવી બિલ રજૂ કર્યેથી સંસ્થાના નિભાવ અનુદાન તરીકે મંજૂર કરવાનું રહેશે. સંસ્થા દ્વારા એજન્સીને ચુકવણી કરવાની રહેશે.

(૬) સંસ્થાના એક જ સંકુલ કે મકાન (Compond/Building)માં એકથી વધુ શાળાઓ કે એકથી વધુ પાળીમાં (Shift) ચાલતા હોય ત્યાં ઉપર જણાવેલ માપદંડ મુજબનું વધારાનું માનવબળ મળી શકશે નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૧-૧-૨૦૧૬ની ચિઠ્ઠીથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડી.બી. પંડ્યા

ઉપસચિવ, શિક્ષણ વિભાગ

ગુજરાત સરકા